રેલવે તંત્રની બલિહારી રૂપિયા ખર્ચે તેને ગોળ અને ગરીબોને ખોળ

# વંદે ભારત 'ચકાચક' લોકલમાં ગંદકી

**પ્રીમિયમ** ટ્રેનો માટે આધુનિક મશીનો અને સ્ટાફની ફોજ

**જ્યારે** સામાન્ય મુસાફરો માટે માત્ર દુર્ગંધ

### શું અમને ગંદકીમાં બેસવાનો શ્રાપ મળ્યો છે? ગરીબ મુસાફર

રોજિંદા મુસાફરી કરતા એક પેસેન્જરે આક્રોશ ઠાલવતા જણાવ્યું કે, શું સ્વચ્છતા અને સુવિધા માત્ર એ જ લોકો માટે અનામત છે જેઓ ૨૦૦૦ રૂપિયાની ટિકિટ ખર્ચી શકે છે? અમે ૧૦-૨૦ રૂપિયાની ટિકિટ લઈને રોજની રોજીરોટી માટે નીકળીએ છીએ, શું અમને ગંદકીમાં બેસવાનો શ્રાપ મળ્યો છે?રેલવે પ્રશાસન જે રીતે વંદે ભારત કે શતાબ્દી જેવી ટ્રેનો પાછળ બજેટ અને ધ્યાન ફાળવે છે, તેના માત્ર ૧૦ ટકા પણ જો લોકલ ટ્રેનોના મેન્ટેનન્સમાં ખર્ચવામાં આવે, તો કરોડો મુસાફરોની સફર સુખદ બની શકે છે.

સુરત : ભારતીય રેલવે અત્યારે બે વિરોધાભાસી દુનિયામાં વહેંચાઈ ગયેલું સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે. એક તરફ હાઈ-ટેક, અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ 'વંદે ભારત' એક્સપ્રેસ જેવી પ્રીમિયમ ટ્રેનો છે,જેની સ્વચ્છતા અને ચમક જોઈને લાગે કે આપણે કોઈ વિદેશી ધરતી પર મુસાફરી કરી રહ્યા છીએ. પરંતુ બીજી તરફ લાખો શ્રમિકો, મધ્યમ વર્ગના નોકરિયાતો અને વિદ્યાર્થીઓની લાઈફલાઈન ગણાતી લોકલ અને પેસેન્જર ટ્રેનો છે,જ્યાં પગ મૂકતા જ ગંદકી, અસહ્ય દુર્ગંધ અને અસુવિધાઓના સામ્રાજ્યથી સામાન્ય માણસનો દમ ઘૂંટાય છે. રેલવે પ્રશાસનના આ પક્ષપાત ભર્યા અને ઓરમાયા વલણથી હવે સામાન્ય મુસાફરોમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો છે.કેન્દ્ર સરકાર દ્વારા દેશભરમાં 'વંદે ભારત' ટ્રેનોનું જાળ બિછાવવામાં આવી રહ્યું છે. રેલવે મંત્રાલય જ્યારે પણ નવા આંકડા રજૂ કરે છે, ત્યારે આ પ્રીમિયમ ટ્રેનોની સ્પીડ, સુરક્ષા અને સ્વચ્છતાના ગુણગાન ગાતા થાકતું નથી. આ ટ્રેનોમાં સફાઈ માટે ખાસ પ્રશિક્ષિત હાઉસકીપિંગ સ્ટાફ, આધુનિક વેક્યુમ ક્લીનર્સ અને રિયલ-ટાઈમ મોનિટરિંગ જેવી સુવિધાઓ છે. ટ્રેન પ્લેટફોર્મ પર આવે તે પહેલા જ તેને ચકચકિત કરવા માટે કામદારોની આખી ફોજ તૈનાત કરી દેવામાં આવે છે. પરંતુ, આજ સિક્કાની બીજી બાજુ એટલે કે લોકલ ટ્રેનોની વાસ્તવિકતા અત્યંત બિહામણી છે. આંકડાકીય રીતે જોઈએ તો રેલવેની મુખ્ય આવક સ્લીપર અને જનરલ ક્લાસના મુસાફરો પાસેથી જ આવે છે, છતાં તેમને જ સુવિધાઓથી વંચિત રાખવામાં આવી રહ્યા છે.રેલવેના જાણકારો માને છે કે તંત્ર અત્યારે 'શો-બાજી' (Show-off) ના રસ્તે ચઢ્યું છે. નવી ટ્રેનોના ઉદ્ઘાટન વખતે જે ઝાકમઝોળ અને વ્યવસ્થા દેખાય છે, તે જૂની ટ્રેનો કે સામાન્ય પેસેન્જર ટ્રેનોમાં ક્યાંય જોવા મળતી નથી. આ સ્થિતિ જોઈને સવાલ થાય છે કે શું રેલવે માટે સામાન્ય માણસની કોઈ કિંમત નથી?રેલવે પ્રશાસને એ સમજવાની જરૂર છે કે દેશની છબી માત્ર વંદે ભારતની સ્પીડથી નથી બનતી, પણ સ્ટેશનના છેવાડાના પ્લેટફોર્મ પર ઉભેલી લોકલ ટ્રેનની સફાઈથી બને છે. પ્રીમિયમ ટ્રેનો રેલવે નું ઘરેણું હોઈ શકે છે, પરંતુ લોકલ ટ્રેનો તેની તાકાત છે.

જો આ તાકાત ગંદકી અને અવગણનાના બોજ હેઠળ દબાશે, તો રેલવેના વિકાસના તમામ દાવા પોકળ સાબિત થશે.હવે સમય આવી ગયો છે કે રેલવે મંત્રી અને ઉચ્ચ અધિકારીઓ એસી ઓફિસમાંથી બહાર નીકળીને જનરલ કોચ ની વાસ્તવિકતા જુએ અને સામાન્ય માણસને પણ 'સન્માનજનક સફર'નો અધિકાર આપે.

# પ્રેમ લગ્ન કરવા દીકરીએ જીવતા પિતાને મૃત બતાવ્યા

**સંખેડાના** ખૂનવાડ ગામની ઘટના, સુલતાનપુરા ગ્રામ પંચાયતે ખરાઈ કર્યા વિના લગ્ન પ્રમાણપત્ર આપી દીધું

**પિતાએ** દીકરી અને જમાઈ સામે ફરિયાદ નોંધાવી

ભરૂચ, ઝઘડિયાઃ છોટા ઉદેપુર જિલ્લાના સંખેડાના ખૂનવાડ ગામના વતની રાકેશભાઇ શંકરભાઇ બારિયાએ પોતાની દીકરીએ ખોટા દસ્તાવેજો અને માહિતીના આધારે લગ્ન નોંધણી કરાવી હોવાની ગંભીર ફરિયાદ નોંધાવી હતી. કારણ કે, દીકરી પણ પ્રેમીના મોહ સામે પિતાનો પ્રેમ ભૂલી પિતાનું જીવતાજીવ શ્રાદ્ધ કરી નાંખ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર ગત તા.26.1.2026ના રોજ રાકેશભાઇ બારિયાની 18 વર્ષીય દીકરી નિશા ઘરેથી કહ્યા વગર ચાલી ગઈ હતી. પરિવાર દ્વારા આજુબાજુનાં ગામો અને સગા-સંબંધીઓમાં તપાસ કરવા છતાં તેની ભાળ ન મળતાં પિતાએ સંખેડા પોલીસ મથકમાં દીકરી ગુમ થયાની જાણવાજોગ ફરિયાદ આપી હતી. ત્યારબાદ પરિવારને જાણ થઈ હતી કે નિશાએ સંખેડાના નંદપુરના રહેવાસી બળદેવ જશુભાઈ બારિયા સાથે લગ્ન કરવાના ઈરાદે ઘર છોડ્યું છે. આ યુગલે તારીખ 27.1.2026ના રોજ છોટા ઉદેપુર મુકામે કોઈ મંદિરમાં લગ્ન કરી લીધાં હતાં અને ત્યાંની નગરપાલિકામાં લગ્ન નોંધણી અધિકારીની કચેરીમાં નોંધણી માટે દસ્તાવેજો રજૂ કર્યા હતા. જો કે, આ સમયે નિશાના કાકા વિનોદભાઈ શંકરભાઈ બારિયાએ ત્યાં વાંધા અરજી આપતાં છોટા ઉદેપુરમાં તેઓનાં લગ્ન રજિસ્ટર થઈ શક્યાં ન હતાં. ત્યારબાદ તા.6.2.2026ના રોજ આ પ્રેમીપંખીડાએ ઝઘડિયા મુકામે ફરીથી કોઈ મંદિરમાં લગ્ન કરી લીધાં હતાં અને નોંધણી કરાવવા માટે ઝઘડિયા સુલતાનપુરા ગ્રુપ ગ્રામ પંચાયતમાં યાદી રજૂ કરી હતી. આ પ્રક્રિયામાં ચોંકાવનારી બાબત એ સામે આવી હતી કે, રજૂ કરાયેલી યાદીમાં નિશાના પિતા રાકેશભાઈ શંકરભાઈ બારિયા હયાત હોવા છતાં, તેમને મૃત દર્શાવવામાં આવ્યા હતા. ઉપરાંત સોગંદનામામાં પણ 'અગાઉ કોઈ જગ્યાએ અમારા લગ્નની નોંધણી કરાવી નથી' તેવી ખોટી હકીકત જાહેર કરી આર્થિક લાભ લેવાના આશયથી ગેરમાર્ગે દોર્યા હતા. ગ્રામ પંચાયત દ્વારા પણ કોઈપણ પ્રકારની ગંભીર ચકાસણી કર્યા વગર કે પક્ષકારોની પૂછપરછ કર્યા વિના લગ્નનું પ્રમાણપત્ર આપી દેવામાં આવ્યું હતું.

આ સમગ્ર મામલે પોતાની હયાતી હોવા છતાં મરણ થયાનું દર્શાવી ખોટી રીતે લગ્ન નોંધણી કરાવનાર દીકરી તેમજ લગ્ન કરનાર ઈસમ સામે પિતા રાકેશભાઈએ ઝઘડિયા પોલીસ મથકમાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા ફરિયાદ આપી છે.

# AAPના કિસાન મોરચાનાં પ્રમુખ રાજુ કરપડાનું રાજીનામું

**વ્યક્તિગત** કારણસર રાજીનામું આપ્યું હોવાનો કેજરીવાલને પત્ર

ગાંધીનગર : ગુજરાતમાં આમ આદમી પાર્ટીમાં મોટું ભંગાણ પડ્યું છે. પાર્ટીના કિસાન મોરચાના પ્રમુખ રાજુ કરપડાએ પોતાના તમામ હોદ્દા પરથી રાજીનામું આપી દીધું છે. વિધાનસભા ચૂંટણીને હવે લગભગ બે વર્ષ બાકી છે, બીજી બાજુ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ નજીક છે, ત્યારે આ રાજીનામું આપ માટે મોટો ઝટકો માનવામાં આવી રહ્યો છે.

રાજુ કરપડા વર્ષ 2021-22 દરમિયાન આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા અને ત્યારથી તેઓ એક સક્રિય કાર્યકર- નેતા તરીકે કાર્યરત હતા. તેમણે વિવિધ જવાબદારીઓ સંભાળી હતી. ખાસ કરીને ખેડૂતોના મુદ્દે સતત સંઘર્ષ કરતા આવ્યા છે, ત્યારે આમ અચાનક રાજીનામું આપતાં ગુજરાતના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. ગુજરાતમાં આપની પકડમાં સૌરાષ્ટ્ર વિસ્તાર મહત્વનો માનવામાં આવે છે. એવા સમયે સૌરાષ્ટ્રના મોટા ગજાના ગણાતા ખેડૂત નેતાના રાજીનામાથી પાર્ટીને મોટો ફટકો પડી શકે છે.

આ અંગે મળતી માહિતી મુજબ રાજુ કરપડાએ પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલને પત્ર લખીને જણાવ્યું હતું કે તેઓ 11 જાન્યુઆરી 2026ના રોજ પાર્ટીના તમામ પદો અને જવાબદારીઓમાંથી રાજીનામું આપે છે.

રાજુ કરપડાએ રાજીનામા પાછળ વ્યક્તિગત કારણો દર્શાવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે વર્તમાન જવાબદારીઓ નિભાવવી તેમના માટે શક્ય નથી. પાર્ટીએ આપેલા સન્માન અને સહયોગ બદલ તેમણે આભાર વ્યક્ત કર્યો હતો.

સોશિયલ મીડિયા પર કહ્યું હતું કે, પાર્ટીને મજબૂત બનાવવા માટે તેમણે પરિવારથી દૂર રહીને કામ કર્યું, પરંતુ કુદરતે અહીં સુધીનો જ સાથ લખ્યો હતો. જો કોઈની લાગણી દુભાઈ હોય તો ક્ષમા માંગતા તેમણે તમામ નેતાઓ, કાર્યકરો અને ખેડૂતોનો આભાર માન્યો હતો.

ચોર્યાસીમાં સૌથી વધુ ૨ લાખ, માંડવીમાં સૌથી ઓછા ૨૧,૮૨૭ મતદાર ઘટ્યા

# સુરત શહેર અને જિલ્લામાં હવે ૩૫.૫૩ લાખ મતદાર બાકી રહ્યા

**જૂની** મતદાર યાદીમાં ૪૮.૭૩ લાખ મતદારની સંખ્યા સર પછી હવે ૩૫.૫૩ લાખ મતદાર

**સરની** પ્રક્રિયા બાદ ૧૬ વિધાનસભાના ૧૩.૧૯ લાખ મતદાર હવામાં ઓગળી ગયા

| S. નં. | AC નંબર-AC નામ | ટોટલ ઇલેક્ટર્સ | એસ્પર ડ્રાફ્ટ અંતિમ પ્રકાશન માટે અયોગ્ય જણાયું | અંતિમ પ્રકાશન માટે લાયક જણાયું |
|---|---|---|---|---|
| 1 | ૧૫૫-ઓલપાડ | 368893 | 14759 | 354133 |
| 2 | ૧૫૬-માગરોલ | 201974 | 958 | 201013 |
| 3 | ૧૫૭ - માંડવી | 227155 | 315 | 226840 |
| 4 | ૧૫૮-કામરેજ | 415982 | 5711 | 410271 |
| 5 | ૧૫૯-સુરત પૂર્વ | 169370 | 898 | 168472 |
| 6 | ૧૬૦-સુરત ઉત્તર | 116696 | 581 | 116115 |
| 7 | ૧૬૧-વરાછા રોડ | 137665 | 1424 | 136241 |
| 8 | ૧૬૨-કરંજ | 99989 | 333 | 99656 |
| 9 | ૧૬૩ - લિંબાયત | 206477 | 990 | 205487 |
| 10 | ૧૬૪ - ઉધના | 171259 | 8426 | 162833 |
| 11 | ૧૬૫-માજુરા | 198641 | 6385 | 192256 |
| 12 | ૧૬૬-કતારગામ | 242499 | 6663 | 235836 |
| 13 | ૧૬૭-સુરત પશ્ચિમ | 211323 | 2264 | 209059 |
| 14 | 168-ચોર્યાસી | 418764 | 5679 | 413085 |
| 15 | ૧૬૯-બારડોલી | 228321 | 13222 | 215099 |
| 16 | ૧૭૦-મહુવા | 208185 | 649 | 207536 |
| કુલ | કુલ | 3623193 | 69257 | 3553932 |

### ડિલીટ થયેલા મતદારો

» ઓલપાડ - 1,19,992 » માંગરોલ - 32185 » માંડવી - 21,827 » કામરેજ - 1,62,444 » સુરત પૂર્વ - 48,223 » ઉતર - 42,887 » વરાછા - 72,699 » કરંજ - 62,779 » લિંબાયત - 1,06,104 » ઉધના - 1,07,283 » મજુરા - 92,054 » કતારગામ - 91639 » પશ્ચિમ - 56191 » ચોર્યાસી - 2,00,185 » બારડોલી - 78,551 » માહુવા - 24,537 » 13,19,580

સુરતઃ સરની પ્રક્રિયા બાદ સુરતની ૧૬, વિધાનસભા વિસ્તારમાંથી ડોર ટુ ડોર ચકાસણી દરમિયાન હવે ૧૩,૧૯,૫૮૦ મતદારોના નામ મતદારયાદીમાંથી કમી થઇ ગયા છે. SIR પહેલાં મતદારોનો આંકડો ૪૮,૭૩,૫૧૨ હતો. જે સુધારણા ઝુંબેશ પૂરી થતા સીધો ૩૫,૫૩,૯૩૨ મતદારો ઉપર આવી ગઇ છે. મતદાર યાદી સુધારણાની સઘન ઝુંબેશ પછી ગઇકાલે વાંધા અને રૂબરુ સુનાવણીની કામગીરી સમાપ્ત થઇ છે. આ કામગીરી સમાપ્ત થતા રાજયની બીજા ક્રમની વિરાટ ચોર્યાસી વિધાનસભામાં સૌથી વધુ ૨,૦૦,૧૮૫ મતદારો ઓછા થયા છે. આ વિધાનસભાના મતદારોની સંખ્યા ૬,૧૩,૨૭૦ પરથી ઘટીને ૪,૧૩,૦૮૫ થઇ ગઇ છે. બીજા ક્રમે કામરેજ વિધાનસભાના ૧,૬૨૪૪૪ જ્યારે ૧,૧૯,૯૯૨ મતદારોના ઘટાતા સાથે ઓલપાડ વિધાનસભા ત્રીજા ક્રમે છે. ઓલપાડ વિધાનસભામાં મતદારોની સંખ્યા ૩,૫૪,૧૩૩ થઇ છે. વિધાનસભા પ્રમાણે મતદારોની ઘટેલી આ સંખ્યા આગામી ચૂંટણીના પરિણામ ઉપર મોટાપાયે ઉથલપાથલ કરી શકે છે. ડ્રાફ્ટ મતદારયાદીમાં ૩૯,૨૩,૧૯૩ મતદારોના નામ પ્રસિદ્ધ કરાયા હતા.આ દરિમયાન અપૂરતા પૂરાવા રજૂ કરનારા મતદારોને નોટિસ ફટકારી પૂરાવા માંગવામાં આવ્યા હતા.

પહેલી જાન્યુઆરીથી દસમી ફેબ્રુઆરી સુધી ચાલેલી આ કામગીરી ગતરોજ પૂરી થઇ હતી. ગઇકાલે જ મધરાતે ૧૨ વાગ્યે મતદારયાદી સીઝ કરી દેવામાં આવી હતી. મતદારયાદી લોક થયા બાદ માન્ય મતદારોની સંખ્યા ૩૫,૫૩,૯૩૨ છે. આમા થોડો વધારો થશે. ૧૭મી ફેબ્રુઆરીને મંગળવારે ફાયનલ મતદારયાદી પ્રસિદ્ધ કરતા પહેલા નવેસરથી નામ નોંધાવનારા મતદારોના નામનો ઉમેરો થશે. એટલે ૩૫.૫૩ લાખ મતદારોની સંખ્યામાં અંદાજિત ૧ ટકાનો વધારો થવાની સંભાવના વ્યક્ત કરાઈ છે.

# સુમુલની ચૂંટણીમાં સીમાંકન અને વોટ પેટર્ન સામે લેખિત વાંધો

**દર્શન** નાયકે સુપ્રીમ કોર્ટના ચુકાદા મુજબ ઝોન દીઠ 1 -1 વોટ માટે દર્શન નાયકની રજૂઆત

**પ્રાથમિક** દૂધમંડળીના દરેક સભાસદને 16-16 મત આપવાની જૂની પેટર્ન લાગુ કરવા માંગ

### વોટિંગ પેટર્ન સુપ્રીમ કોર્ટના ચુકાદા મુજબ આ પ્રમાણે રાખવા માંગ

દર્શન નાયકે રજૂઆત કરી છે કે સુમુલ દૂધ સંઘની વ્યવસ્થાપક કમિટિની ચુંટણી પ્રક્રીયામાં દરેક મતદાર મંડળીએ ફકરા-૫ મા રચાયેલ દરેક મતદાર મંડળ (ઝોન) દીઠ એક-એક મત આપવાનો રહેશે. આમ સંઘમાં સંયોજીત દુધ ભરતી દરેક સભાસદ મંડળી કુલ સોળ(૧૬) મત આપશે. લાખો સભાસદો નાં હિતમાં નમ્ર વિનંતી છે કે સુમુલ ડેરીની ચૂંટણી સુપ્રીમ કોર્ટના ચુકાદા મુજબ (ઝોન દીઠ ૧ મત, દરેક પ્રાથમિક મંડળીને ૧૬ મત આપવાનો અધિકાર આપી ) જ યોજવામાં આવે.

સુરતઃ સુમુલ ડેરીની સભાસદ સાંધીએર દૂધ ઉત્પાદક સહકારી મંડળીના સભ્ય અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શન નાયકે આજે સુરત જિલ્લા કલેક્ટર સમક્ષ સુમુલ ડેરીની ચૂંટણી,સીમાંકન અને મતદાન પેટર્ન અંગે લેખિત રજૂઆત કરી વાંધો નોંધાવ્યો છે.નાયકે સાબરકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ વિરુદ્ધ પટેલ પંકજ કુમાર રામજીભાઈ અને અન્યોના કેસમાં સુપ્રિમ કોર્ટે આપેલા ચુકાદા મુજબ સુમુલ ડેરીની ચૂંટણી યોજવા રજૂઆત,અને તાલુકા બેઠક મુજબ ઉમેદવારોને ચૂંટવાની પેટર્ન સામે વાંધા અરજી રજૂ કરી છે.

તેમણે તમામ ઓથોરિટી અને કલેક્ટર સહિતના અધિકારીઓને કરેલી રજૂઆતમાં જણાવ્યું હતું કે, 'ગુજરાત હાઈકોર્ટના તાજેતરના ચુકાદા મુજબ સુમુલ ડેરીની વ્યવસ્થાપક કમિટીની ચૂંટણી યોજવા સીમાંકન મતદાનની પેટર્ન અંગે પક્ષકારોને સાંભળી આપ નિર્ણય લેવા જઈ રહ્યા છો.ત્યારે સુમુલ ડેરીની સભાસદ મંડળી સાંધીએર દૂધ ઉત્પાદક સહકારી મંડળી તા.ઓલપાડ,જિલ્લો સુરતના સભાસદ તરીકે અમારી આપને વિનંતી છે કે, સુમુલ ડેરીની ચૂંટણી સાબરકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ વિરુદ્ધ પટેલ પંકજ કુમાર રામજીભાઈ અને અન્યોના કેસમાં સુપ્રિમ કોર્ટે આપેલા ચુકાદા ( LLC ઓર્ડર નંબર 17404/2014 નો ચુકાદાનો તા.4/8/2014 નો ઓર્ડર) મુજબ જ યોજવામાં આવે અને તાલુકા બેઠક મુજબ ઉમેદવારોને ચૂંટવાની પેટર્ન સામે વાંધા અરજી રજૂ કરીએ છીએ. સુપ્રીમ કોર્ટના ચુકાદા મુજબ ઝોન દીઠ 1/1 વોટ અને પ્રાથમિક દૂધ મંડળીના દરેક સભાસદ 16/16 મત આપી શકે છે.જો નવા સીમાંકનમાં બેઠકો વધે તો એ મુજબ દરેક પસંદગીના ઉમેદવારોને સભાસદો મત આપી શકે છે.

સુપ્રીમ કોર્ટનો આ ચુકાદો માત્ર સુમુલ ડેરી નહીં,પરંતુ રાજ્યની તમામ ડેરી સંઘને લાગુ પડે છે. પણ અત્યાર સુધી કોઈ સભાસદે એનો અમલ કરતી માંગ કરી ન હોવાથી તાલુકા દીઠ એક બેઠક માટે તાલુકાની મંડળીઓના મતદારો જ મતદાન કરે છે.જો તાલુકા મુજબ મતદાન પેટર્ન નક્કી થાય તો નવા બનેલા તાલુકા અડાજણ, અબ્રામા,ઉકાઇ, અંબિકા અને અરેઠ તાલુકાની દૂધ મંડળીઓને પણ ઉમેદવારીનો અધિકાર આપવો પડે.

# UPથી કિશોરીને ભગાડી લાવનાર રેલવેમાં ઝડપાયો



**ફેસબુક** પર પાંગરેલા પ્રેમમાં કિશોરી ઘર છોડી ભાગી આવી હતી

સુરતઃ યુપીના કાનપુર જિલ્લામાંથી અપહરણ થયેલી કિશોરી અને તેને ભગાડી લાવનાર યુવકને રેલવે પોલીસ સ્ટેશનની ટીમે રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-1 પરથી ઝડપી પાડી કાનપુર પોલીસના હવાલે કર્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ઉત્તર પ્રદેશના કાનપુર જિલ્લાના સાઢ પોલીસ સ્ટેશનમાં ગત તા. ૦૫/૦૨/૨૦૨૬ના રોજ અપહરણ અંગેનો ગુનો દાખલ થયો હતો. આ ગુનામાં 16 વર્ષીય કિશોરી 'કવિતા' (નામ બદલ્યું છે) અને આરોપી 19 વર્ષીય વિકાસ બાબુરામ પાસવાન છેલ્લા 12 દિવસથી ફરાર હતા. આરોપીનું મોબાઈલ લોકેશન ગુજરાત આવતું હોવાથી UP પોલીસની એક ટીમ ગુજરાતમાં તપાસ કરી રહી હતી. પશ્ચિમ રેલવે વડોદરા એસપી અભય સોની અને સુરત રેલવે પોલીસ સ્ટેશનના પી.આઈ. જે.બી. મીઠાપરાના માર્ગદર્શન હેઠળ વુમન એ.એસ.આઈ. મનિષા મધુકર અને તેમની ટીમ પ્લેટફોર્મ નં-1 પર પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન વેઈટિંગ એરિયામાં એક યુવક અને કિશોરી શંકાસ્પદ હાલતમાં બેસેલા જોવા મળી આવ્યા હતા. પૂછપરછ દરમિયાન તેઓએ પોતે ભાઈ-બહેન હોવાનું કહ્યું હતું. પરંતુ ઓળખના પુરાવા માંગતા તેમની પાસે કંઈ જ મળ્યું ન હતું. પોલીસે કડકાઈથી પૂછપરછ કરતાં જાણવા મળ્યું કે, બંને વચ્ચે બે વર્ષ પહેલાં ફેસબુકના માધ્યમથી ઓળખાણ થઈ હતી. તેઓ એક જ ગામના હોવાથી વાતચીત વધતા પ્રેમ પાંગર્યો હતો. જોકે, કિશોરીના પરિવારે તેના લગ્ન અન્ય જગ્યાએ નક્કી કરી દેતા, બંને તા. ૩૦/૦૧/૨૦૨૬ના રોજ ઘરેથી ભાગીને ગુજરાત આવી ગયા હતા. જે અંગે સાઢ પોલીસને જાણ કરતાં UP પોલીસની ટીમ સુરત આવતા કિશોરી અને આરોપીનો કબજો તેમને સોંપવામાં આવ્યો હતો.

નવા ચાર લેબર કોડના વિરોધમાં રાષ્ટ્રવ્યાપી હડતાળ

# બેંક કર્મીની હડતાળથી 5000 કરોડના વ્યવહાર ખોરવાશે

**બેંક**, એલઆઈસી, રેલવે, પોસ્ટ, ઇન્કમટેક્સ, એસ.ટી., ઈલેક્ટ્રિક સિટીના સંગઠનોનો હડતાળને ટેકો

### આઝાદી બાદ દેશનો કામદાર વર્ગ ફરી ગુલામી તરફ ધકેલાશે

ટ્રેડ યુનિયનોનો દાવો છે કે નવા ચાર લેબર કોડના કારણે 75 વર્ષની આઝાદી બાદ દેશનો કામદાર વર્ગ ફરી ગુલામી તરફ ધકેલાશે. કામદારોની નોકરીની સુરક્ષા અને સામાજિક સુરક્ષા પર ગંભીર ખતરો ઊભો થયો છે. દેશમાં લગભગ 90 ટકા કામદાર-કર્મચારીઓ અસંગઠિત ક્ષેત્રના હોવાથી તેમનું ભવિષ્ય અંધકારમય બનશે. માસિક રૂપિયા 18,000 પગાર મેળવનાર સુપરવાઈઝરી સ્ટાફને કામદારની વ્યાખ્યાથી બહાર રાખવામાં આવ્યો છે. ઉપરાંત આંગણવાડી, આશાવર્કર, મધ્યાહન ભોજન યોજના, આરોગ્ય વિભાગના સ્કીમ વર્કરોને કામદારની વ્યાખ્યામાં સામેલ ન કરાતા તેઓ મિનિમમ વેજિસ એક્ટ સહિતના મજૂર કાયદાઓના લાભથી વંચિત રહી રહ્યા છે, જેના કારણે ભારે શોષણ થઈ રહ્યું છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી કેન્દ્ર સરકારના નવા ચાર લેબર કોડ રદ કરવા અને જુના 29 મજૂર કાયદાઓ ફરી અમલમાં મૂકવાની માંગ સાથે દેશના 10 સેન્ટ્રલ ટ્રેડ યુનિયનો (BMS સિવાય) તથા વિવિધ ફેડરેશનો દ્વારા તા. 12 ફેબ્રુઆરી 2026ના રોજ એક દિવસીય રાષ્ટ્રવ્યાપી હડતાલનું આહવાન કરવામાં આવ્યું છે.

સુરત : 12 મી ફેબ્રુઆરીએ ટ્રેડ યુનિયનો દ્વારા આપવામાં આવેલી હડતાળને ઓલ ઈન્ડિયા બેંક એમ્પ્લોઈઝ એસોસિએશને ટેકો જાહેર કરતા સુરત, ગુજરાત સહિત સમગ્ર દેશમાં બેંકિંગ વ્યવહાર ખોરવાશે. ગુજરાત બેંક વર્કર્સ યુનિયનના સેક્રેટરી ડી.એમ.ચાવડાએ જણાવ્યું હતું કે, ટ્રેડ યુનિયનોની હડતાળમાં બેંક એમ્પ્લોઈઝ એસોસિએશને જોડાવાની જાહેરાત કરી છે. એને પગલે ગુજરાત બેંક વર્કર્સ યુનિયને પણ હડતાળમાં જોડાવાનું જાહેર કર્યું છે. એ સ્થિતિમાં ગુજરાતમાં 17,000 કરોડ અને સુરતમાં 5000 કરોડનો બેન્કિંગ વ્યવહાર ખોરવાશે. સુરત ટ્રેડ યુનિયન કાઉન્સિલના પ્રમુખ વિજય શેણમારે, મહામંત્રી જૈમીન દેસાઈ, ઉપપ્રમુખો નૈષધ દેસાઈ અને અનિલ દુબે દ્વારા INTUC, AITUC, CITU, HMS, AIUTUC સાથે સંકળાયેલા યુનિયનો તેમજ બેંક, એલઆઈસી, રેલવે, પોસ્ટ, ઈન્કમટેક્સ, એસ.ટી., ઈલેક્ટ્રિક સિટી, આંગણવાડી, આશાવર્કર, ડાયમંડ, ટેક્સટાઈલ, સરકારી-બિનસરકારી કર્મચારીઓ, મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત અને સ્વતંત્ર ટ્રેડ યુનિયનોના આગેવાનો હડતાળમાં જોડાશે. આવતીકાલે 12 ફેબ્રુઆરીના રોજ સવારે 11 વાગે સુરત કલેક્ટર કચેરી ખાતે મોટી સંખ્યામાં કામદારો રાષ્ટ્રવ્યાપી હડતાળમાં જોડાવા સાથે દેખાવો યોજી આવેદનપત્ર સુપ્રત કરશે. કોમ્યૂનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (CPI )ના સુરત શહેર મંત્રી સુગીત પાઠકજીએ પણ ટેકો જાહેર કર્યો છે.

કેન્દ્ર સરકાર દ્વારા 29 જુના મજૂર કાયદાઓ રદ કરીને તેની જગ્યાએ નવા ચાર લેબર કોડને તા. 21-11-2025થી સમગ્ર દેશમાં જાહેરનામા દ્વારા અમલમાં મૂકવામાં આવ્યા છે. આ નિર્ણયની સીધી અસર દેશના અંદાજે 61 કરોડ સંગઠિત અને અસંગઠિત ક્ષેત્રના કામદાર-કર્મચારીઓ પર પડી છે. ટ્રેડ યુનિયનોનો આરોપ છે કે નવા લેબર કોડ કામદાર વિરોધી છે અને કોર્પોરેટ પુંજીપતિઓના હિતમાં ઘડાયા છે.

દેશમાં ટ્રેડ યુનિયનો, વિવિધ ફેડરેશનો અને સ્વતંત્ર સંઘો વર્ષોથી કામદાર-કર્મચારીઓના હક અને અધિકારોની રક્ષા કરતા આવ્યા છે. કામદારોની લાંબી લડત, સંઘર્ષ અને બલિદાન બાદ જ વિવિધ કલ્યાણકારી મજૂર કાયદાઓ અમલમાં આવ્યા હતા. અંગ્રેજ શાસનકાળમાં લાગુ થયેલ 'ધ ઈન્ડિયન ટ્રેડ યુનિયન્સ એક્ટ-1926'ને આ વર્ષે 100 વર્ષ પૂર્ણ થયા છે, ત્યારે કેન્દ્ર સરકારે એક ઝાટકે આ તમામ 29 કલ્યાણકારી મજૂર કાયદાઓ રદ કરી દેતા ભારે અસંતોષ ફેલાયો છે.

# આજે પશ્ચિમ રેલવે GM નંદુરબારના સેફ્ટી ઇન્સ્પેક્શન પર

**સ્ટેશન**, પુલો અને કોલોનીઓની સુરક્ષા વ્યવસ્થા ચકાસાશે

સુરતઃ પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર (GM) તા.૧૨ ફેબ્રુઆરીના રોજ નંદુરબારથી ઉધના નજીક આવેલા ન્યોલ સુધીના રેલવે સેક્શનનું વ્યાપક સલામતી નિરીક્ષણ કરશે. કાર્યક્રમ સવારે ૯:૩૦ કલાકે નંદુરબારથી શરૂ થશે. જનરલ મેનેજર માત્ર રેલવે ટ્રેક જ નહીં, પરંતુ રનિંગ રૂમ, રેલવે આરોગ્ય એકમ (Health Unit), રેલવે કોલોની, ફૂટ ઓવરબ્રિજ તેમજ નાના-મોટા રેલવે પુલોનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરશે. રેલવે માળખાની સ્થિતિ અને સુરક્ષાના માપદંડોમાં કોઈ કચાસ ન રહે એ હેતુથી આ સમીક્ષા કરવામાં આવશે. બપોરે ૧:૨૦થી સાંજે ૫ વાગ્યા દરમિયાન જીએમનો કાફલો વ્યારા, માધી અને ન્યોલ રેલવે સ્ટેશનની મુલાકાત લેશે. આ દરમિયાન પ્લેટફોર્મ પરની વ્યવસ્થા, પીવાના પાણીની સુવિધા, સ્વચ્છતા અને સુરક્ષા વ્યવસ્થાની જાતતપાસ કરવામાં આવશે. મુસાફરોની સુવિધાઓમાં વધારો કરવા માટે આ નિરીક્ષણ અત્યંત મહત્ત્વનું મનાય છે.

નિરીક્ષણની સાથે સાથે જનરલ મેનેજર સ્થાનિક જનપ્રતિનિધિઓ સાથે મુલાકાત કરશે. આ બેઠકમાં વિસ્તારની રેલવે સુવિધાઓ, નવી ટ્રેનોની માંગણી, મુસાફરોની પડતર સમસ્યાઓ અને સ્ટેશનોના આધુનિકીકરણ અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવશે. રેલવેની આ કામગીરીથી મુસાફરોમાં સુરક્ષા અને સુવિધા વધવાની આશા જાગી છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### આતંકનું બીજુ...

ગત તા. ૧૫/૧૦/૨૦૨૧ના રોજ પોતાની ઓફિસથી ૧૦ લાખ રોકડા લઈને ઘરે જવા નીકળ્યા હતા. આ દરમિયાન વેડ રોડ રોયલ પ્લાઝા પાસે તેઓ જ્યારે વાતચીત કરી રહ્યા હતા, ત્યારે ચિરાગ ગોટી તેના સાગરીતો સાથે ઈનોવા કારમાં ધસી આવ્યો હતો. ટોળકીએ ધંધો કરવો હોય તો દર મહિને ૨ લાખ હપ્તો આપવો પડશે તેમ કહી ધમકાવ્યા હતા.

જીજ્ઞેશભાઈએ ડરના માર્યા ૫૦ હજાર આપવાની વાત કરી, પરંતુ આરોપીઓએ ચપ્પુની અણીએ બેગમાં રહેલા ૧૦ લાખ લૂંટી લીધા હતા. આટલેથી મન ન ભરાતા, ગત તા. ૨૪/૧૦/૨૦૨૧ના રોજ આરોપીઓએ ફરી જીજ્ઞેશભાઈનું અપહરણ કર્યું હતું અને ચિરાગ ગોટીના રાધેશ્યામ સોસાયટી સ્થિત ઘરે લઈ ગયા હતા. ત્યાં ચિરાગના પિતા ઘનશ્યામ ગોટી અને અન્ય શખ્સોએ ભેગા મળીને વેપારીને ઢીકમુક્કીનો ઢોર માર માર્યો હતો અને જો પોલીસ ફરિયાદ કરી તો જીવતા નહીં રહો તેવી ધમકી આપી હતી. ચિરાગ ગોટીની અસલી ઓળખ ૧૦ મહિના પહેલા સામે આવી હતી, જ્યારે તેણે અંગત અદાવતમાં અલ્પેશ મિયાણી નામના શખ્સની ગાડીમાં ૭૦ ગ્રામ એમ.ડી. ડ્રગ્સ પ્લાન્ટ કરાવી તેને જેલ ભેગો કરાવ્યો હતો. જોકે, પોલીસ તપાસમાં દૂધનું દૂધ અને પાણીનું પાણી થતાં ચિરાગ મુખ્ય સૂત્રધાર સાબિત થયો હતો. સુપ્રીમ કોર્ટની ફટકાર બાદ તેણે આખરે શરણાગતિ સ્વીકારવી પડી હતી. ચિરાગ જેલના સળિયા પાછળ જતાં જ લોકોનો ડર દૂર થયો છે. આજે ૧૫ થી ૨૦ જેટલા ભોગ બનેલા લોકો પુરાવા અને વિડીયો સાથે પોલીસ કમિશનરને રજૂઆત કરવા પહોંચ્યા હતા. મામલાની ગંભીરતા જોતા પોલીસ કમિશનરે સમગ્ર તપાસ SOGના DCPને સોંપી છે. હાલ ચોકબજાર પોલીસે ગુનો નોંધ્યો છે.

### CMAમાં ટોપ-50...

વિદ્યાર્થીઓમાંથી 155 વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે, જે 17.96 ટકા પરિણામ દર્શાવે છે.

રાષ્ટ્રીય રેન્કિંગમાં પણ સુરતનો દબદબો રહ્યો છે. ઇન્ટરમીડિયેટમાં સુરતના 14 વિદ્યાર્થીઓ અને ફાઇનલમાં 4 વિદ્યાર્થીઓએ ટોપ-50માં સ્થાન મેળવ્યું છે, જે શહેર માટે ગૌરવની વાત છે.

### CMA ફાઇનલ (ટોપ-50)માં સ્થાન મેળવનાર સુરતના વિદ્યાર્થીઓ:

દેશના જૈન (AIR 5), પલક અગ્રવાલ (AIR 17), પ્રતીક વાલેજા (AIR 30), હર્ષ શાહ (AIR 35)

### 18 વિદ્યાર્થી સાથે સુરત ઓલ ઇન્ડિયામાં ત્રીજા સ્થાને

સુરત સાઉથ ગુજરાત ચેપ્ટરના ચેરમેન CMA કિશોર વાઘેલાએ જણાવ્યું કે, "ઇન્ટરમીડિયેટ સ્ટેજમાં સુરતના 14 વિદ્યાર્થીઓએ ઓલ ઇન્ડિયા રેન્ક મેળવીને શહેરને ત્રીજા ક્રમાંકનું અગ્રણી સ્થાન અપાવ્યું છે. કુલ 863 વિદ્યાર્થીઓમાંથી 155 વિદ્યાર્થીઓએ સંપૂર્ણ પાસ અને 133એ સિંગલ ગ્રુપમાં સફળતા મેળવી છે, જેનું પરિણામ 18 ટકા છે. આ સિદ્ધિ પર અમને ગર્વ છે."

### ઉનમાં શ્વાનનો...

છે. રમતાં-રમતાં બાળકી થોડીક બહાર નીકળી ગઈ અને તરત જ ત્રણ રખડતા શ્વાનો તેની તરફ ધસી આવ્યા. એક શ્વાને બાળકીના સાથળના ભાગે ઊંડું બચકું ભરી લીધું, જેના કારણે બાળકી તીવ્ર પીડાથી રડવા લાગી હતી.

તેના રડવાનો અવાજ સાંભળીને આસપાસના લોકો દોડી આવ્યા અને શ્વાનો ભાગી ગયા. લોકોએ તાત્કાલિક બાળકીને તેના પરિવાર સુધી પહોંચાડી હતી. ગભરાયેલા પરિવારે તરત જ નજીકની હોસ્પિટલમાં ખસેડી, જ્યાં ડોક્ટરોએ એન્ટી-રેબીઝ રસી તેમજ પ્રાથમિક સારવાર આપી હતી. હાલ બાળકીની હાલત સ્થિર છે તેવું જાણવા મળ્યું છે.